# વિઝ્યુઅલ મર્ચેન્ડાઇઝર

વિઝ્યુઅલ મર્ચેન્ડાઈઝિંગ એ છૂટક વેચાણ કરતી દુકાનોમાં ઉત્પાદનોને સુવ્યવસ્થિત રીતે ગોઠવવાની અને પ્રદર્શિત કરવાની રીત છે. તેનો હેતુ ખરીદી કરવા માટે ગ્રાહકને આકર્ષવા, ગ્રાહકોને જોડાવવા તેમજ પ્રોત્સાહિત કરવાનો છે. વિઝ્યુઅલ મર્ચેન્ડાઈઝિંગ એ વેચાણ વધારવા માટેની પ્રચાર-પ્રસાર/માર્કેટીંગની એક પદ્ધતિ છે જે ગ્રાહકોનું ધ્યાન આકર્ષવા માટે ફ્લોર પ્લાન, રંગ, લાઈટિંગ, ડિસ્પ્લે, ટેક્નોલોજી અને અન્ય ઘટકોનો ઉપયોગ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને વસ્તુઓને વ્યવસ્થિત રીતે ગોઠવવાનું ગમે છે
- તમે સર્જનાત્મક કૌશલ્ય ધરાવો છો
- તમારી નજર પારખું છે અને બારીક ચીજવસ્તુઓની નોંધ લઈ શકે છે



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧૦,૦૦૦ થી ૨,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. રિટેલ મેનેજમેન્ટ / માર્કેટિંગ / ફેશન ડિઝાઇન / ફેશન મર્ચેન્ડાઈઝિંગ / ફેશન બિઝનેસ મેનેજમેન્ટ અથવા સમાન વિષય સાથે સ્નાતકની ડિગ્રી મેળવો. અથવા

સમાન અથવા સંબંધિત વિષયમાં સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, અનુસ્નાતકની ડિગ્રી મેળવો અથવા

રિટેલ ડિઝાઈનમાં પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

વિઝ્યુઅલ મર્ચેન્ડાઈઝરનું માસિક વેતન
**રૂ. ૩૭,૫૦૦ થી ૧,૦૬,૨૫૦*** જેટલું હોય છે.

સ્રોત: https://in.talent.com/salary?-Job=visual merchandiser

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** રિટેલ સ્ટોર્સ

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે ફ્લોર મર્ચેન્ડાઇઝર્સની ટીમને સંભાળશો. તમારે અન્ય ટીમો જેમ કે ડિઝાઇનર્સ અને ખરીદી કરનારા અધિકારીઓ સાથે સંકલન કરવાનું રહેશે. તમારા કામના કલાકો નિયમિત હશે પરંતુ તમારે ડિસ્પ્લેની ગોઠવણ કરવા માટે સાંજે અથવા સપ્તાહના અંતમાં પણ કામ કરવાનું બની શકે છે. સ્થાનિક મુસાફરી એ જોબ પ્રોફાઇલનો એક ભાગ નથી, જો કે, આ કામગીરી શારીરિક સુદ્રઢતા માંગે તે પ્રકારની છે, કારણ કે તમારે માલસામાનના ભારે બોક્સ ઉપાડવા અને વહન કરવા, સીડી પર ચઢવું અને લાંબા સમય સુધી ઊભા રહેવું પડી શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ફ્લોર મર્ચેન્ડાઈઝર → વિઝ્યુઅલ મર્ચેન્ડાઈઝર → વિઝ્યુઅલ મર્ચેન્ડાઈઝ ડિરેક્ટર અથવા સિનિયર વિઝ્યુઅલ મર્ચેન્ડાઈઝર → ડિસ્ટ્રિક્ટ વિઝ્યુઅલ મેનેજર/ફિલ્ડ વિઝ્યુઅલ મેનેજર → રિજનલ વિઝ્યુઅલ મર્ચેન્ડાઈઝર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

રિટેલ મર્ચેન્ડાઇઝિંગ, વિન્ડો ડ્રેસર, ડિસ્પ્લે મેનેજર, વિઝ્યુઅલ મર્ચેન્ડાઇઝિંગ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ડિપાર્ટમેન્ટ ઓફ એપેરલ મેન્યુફેક્ચરિંગ એન્ડ મર્ચેન્ડાઈઝિંગ/ફેશન કોમ્યુનિકેશન દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, અમદાવાદ
૨. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી, ગાંધીનગર
૩. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી, બેંગલુરૂ
૪. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી, કોલકાતા
૫. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી, હૈદરાબાદ
૬. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી, શિલોંગ
૭. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી, કન્નુર
૮. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. જે.ડી. ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી, બેંગ્લોર
૨. જેડી ઈન્સ્ટિટ્યુટ ઑફ ફેશન ટેક્નોલોજી, સુરત
૩. મહર્ષિ કારવે સ્ત્રી શિક્ષણ સંસ્થાની સ્કૂલ ઓફ ફેશન ટેકનોલોજી, પુણે.
૪. બી.બી.કે. ડી.એ.વી. કોલેજ ફોર વુમન, અમૃતસર
૫. પારુલ યુનિવર્સિટી, વડોદરા
૬. એમિટી યુનિવર્સિટી, નોઈડા
૭. નવી દિલ્હી વાય.એમ.સી.એ., ફેશન ટેકનોલોજી અને ડિઝાઈન માટે સંસ્થા, દિલ્હી
૮. ફિડા ધ ડિઝાઈન સ્કૂલ, ચેન્નાઈ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in
- www.skillindiadigital.gov.in

મને સ્કેન કરો

વેબસાઇટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**અનુરાગ એસ** જાણીતા કાર્ટૂનિસ્ટ અને વિઝ્યુઅલ મર્ચેન્ડાઈઝર છે. તેઓ પેન્સિલ બૉક્સ ડિઝાઇનના સ્થાપક છે, જે એક બહુ આયામી ડિઝાઇન કંપની અને તે નવીન ઉત્પાદનો, સેવાઓ અને વિઝ્યુઅલ મર્ચેન્ડાઇઝિંગ ડિઝાઇન કરવાના ક્ષેત્રમાં સેવા આપે છે. તેણે રાજસ્થાન યુનિવર્સિટીમાંથી ગણિતમાં સ્નાતક કર્યું છે, ત્યારબાદ જે.ડી. ઈન્સ્ટિટ્યુટ ઑફ ફેશન ટેકનોલોજીમાંથી ફેશન ડિઝાઇનિંગમાં ડિપ્લોમા અને ઇન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ મટિરિયલ્સ મેનેજમેન્ટ, પૂણેમાંથી સેલ્સ અને માર્કેટિંગમાં એમ.બી.એ. કર્યું છે.*

સ્રોત: https://www.mid-day.com/brand-media/article/meet-indias-15-selfmade-entre-preneurs-to-lookout-for-in-2023-23267576

ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.